અપીલ અરજી નં.૬૧૧ તા.૭–૨–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહ્મભટ્ટ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
ડે.કમિ. અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ કચેરી)
ડે.કમિ.(પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ટીડીઓ)
ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહ્મભટ્ટની તા. ૩૧–૧૨–૧૧ની અરજીથી અમોએ મ્યુ કમિ.સમક્ષ કચેરીનો ઈનવર્ડ નં. (૧) ૭૦૧૭, તા. ૭–૧૨–૧૧, (૨)૭૦૧૮, તા.૭–૧૨–૧૧, (૩) ૭૦૧૯,તા.૭–૧૨–૧૧, (૪)૭૧૧૫,તા. ૯–૧૨–૧૧, (૫) ૭૧૧૬, તા. ૯–૧૨–૧૧(૬)ડી–૭૧૬૫, તા.૧૨–૧૨–૧૧, (૭) ડી–૭૩૮૨,તા. ૧૯–૧૨–૧૧થી સુરત મ્યુ. કમિશ્નરશ્રી સમક્ષ લેખિતમાં કરેલ ફરીયાદ અરજીઓ બાબતે મ્યુ.કમિશ્નરશ્રી દ્વારા થયેલ કાર્યવાહી, કાર્યવાહી કરવા સારું જે તે જવાબદાર અધિકારીને જો સુચના આપેલ હોય તો તે, અરજી ઉપર મ્યુ.કમિ. દ્વારા જે તે રીમાર્કસ કરવામાં આવેલ હોય તે, રજુઆત બાદ ખરેખર જેટલા દિવસમાં કાર્યવાહી થવી જોઈતી હોય તે, અને રજુઆત બાદ જયારે કાર્યવાહી કરવામાં આવી હોય તે, તથા આ બાબતે જો કાર્યવાહી ન કરવામાં આવી હોય તો, અને જે જવાબદાર અધિકારીઓની જવાબદારી થતી હોય તેવા અધિકારીઓનાં નામ,હોદ્દા સહિતની માહિતી વિ. માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૭–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૧૧/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહ્મભટ્ટની તા. ૩૧–૧૨–૧૧ની અરજીથી અમોએ મ્યુ કમિ.સમક્ષ કચેરીનો ઈનવર્ડ નં. (૧) ૭૦૧૭, તા. ૭–૧૨–૧૧, (૨)૭૦૧૮, તા.૭–૧૨–૧૧, (૩) ૭૦૧૯,તા.૭–૧૨–૧૧, (૪) ૭૧૧૫, તા. ૯–૧૨–૧૧, (૫) ૭૧૧૬, તા. ૯–૧૨–૧૧(૬)ડી–૭૧૬૫, તા.૧૨–૧૨–૧૧, (૭) ડી–૭૩૮૨, તા. ૧૯–૧૨–૧૧થી સુરત મ્યુ. કમિશ્નરશ્રી સમક્ષ લેખિતમાં કરેલ ફરીયાદ અરજીઓ બાબતે મ્યુ.કમિશ્નરશ્રી દ્વારા થયેલ કાર્યવાહી, કાર્યવાહી કરવા સારું જે તે જવાબદાર અધિકારીને જો સુચના આપેલ હોય તો તે, અરજી ઉપર મ્યુ.કમિ. દ્વારા જે તે રીમાર્કસ કરવામાં આવેલ હોય તે, રજુઆત બાદ ખરેખર જેટલા દિવસમાં કાર્યવાહી થવી જોઈતી હોય તે, અને રજુઆત બાદ જયારે કાર્યવાહી કરવામાં આવી હોય તે, તથા આ બાબતે જો કાર્યવાહી ન કરવામાં આવી હોય તો, અને જે જવાબદાર અધિકારીઓની જવાબદારી થતી હોય તેવા અધિકારીઓનાં નામ,હોદ્દા સહિતની માહિતી વિ.માહિતી આપવા બાબતે ડે.કમિ.(પી.એન્ડ.ડી) અને જાહેર માહિતી અધિકારી(શહેર વિકાસ )ના પત્ર નં. ટી.ડી.ઓ/પરર તા. ૪–૨–૧૨થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૭–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા /ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા સાથે પાંચેય અરજીઓ અંગે થયેલ ન– થયેલ કાર્યવાહીની દફતરી વિગતો ડે.કમિ.(પી.એન્ડ.ડી) અને જાહેર માહિતી અધિકારી(શહેર વિકાસ)ને પ્રત્યેક અરજી કલમ–૬(૧) હેઠળ અલગ હોઈ,અલગ માહિતી આપવી રહે તેમ થયેલ છે ? પૂર્તતા સહ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ /૧૭૭૩ તા.૧૬–૨–૧૨ થી** એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ડે.કમિ. અને તત્કાલીન જાહેર માહિતી

અધિકારી (મધ્યસ્થ કચેરી), ડે.કમિ.(પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ટીડીઓ), ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો ત્યાર બાદ નારજગી અંગે આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૭૦ તા.૨૯–૨–૧૨ થી પૂરક વિગતોમાં સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૮૭૮ તા.૨–૧–૧૨ થી ઓફિસ સુપ્રિ. મધ્યસ્થ કચેરીને તબદીલ કરેલ પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ કચેરી તરફથી પત્ર નં.સી. /૨૪૧૮ તા.૫–૧–૧૨ થી જાહેર માહિતી અધિકારી ડે.કમિ.(હેઅનેહો),જાહેર માહિતી અધિકારી અને ડે.કમિ.(પીએન્ડડી), જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.ટીડીઓ/૫૨૨ તા.૪–૨–૧૨ ના પત્રની નકલ, નોંધ વિભાગ, અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી પત્ર નં.પીએચડી/ફુડ/૧૪૧૪ તા.૧૨–૩–૧૨ થી પૂરક વિગતોમાં અરજદારને તા.૭–૧૨–૧૧ ની અરજી સંદર્ભે આપેલ પ્રત્યુત્તર અંગે પત્ર નં.પીએચડી/ફુડ/૧૩૮૦ તા. ૨૪–૨–૧૨ ના પત્રની નકલ, અરજદારની તા.૯–૧૨–૧૧ ની અરજી સંદર્ભે આપેલ પ્રત્યુત્તર અંગે પત્ર નં.પીએચડી/ફુડ/૧૧૦૨ તા.૫–૧–૧૨ ના પત્રની નકલ, અરજદારનીકમિ.શ્રીને તા.૧૯–૧૨–૧૧ તથા તા.૨–૧૨–૧૧ ના રોજ કરેલ અરજી બાબતે પત્ર નં.પીએચડી/ફુડ/૧૩૭૩ તા.૨૩–૨–૧૨ ના આપેલ પ્રત્યુત્તરની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી તા.૪–૨–૧૨ ના રોજ મળેલ પૂરક વિગતોમાં તા.૩૧–૧૨–૧૧ ના રોજ મળેલ અરજી બાબતે આપેલ પ્રત્યુતતર પત્ર નં.સા.ઝોન/૧૭૭ તા.૨૩–૧–૧૨ ના પત્રની નકલ, મુળ અરજીની નકલ, ડે.કમિ. અને અને જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.સી./૨૪૧૯ તા.૫–૧–૧૨ ના પત્રની નકલ, અરજદારની તા.૭–૧૨–૧૧ ના પત્રની નકલ, નોંધ વિભાગ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ કચેરી તરફથી પત્ર નં.સી/૨૩૯૩ તા.૨૯–૨–૧૨ ના પત્રથી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ, ડે.કમિ.(હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી આરોગ્ય , એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.સી/૨૪૧૯ તા.૫–૧–૧૨ ના પત્રની નકલ તથા તે સ્વીકાર્યા અંગેની ટપાલબુકના પાનાની નકલ અરજદારની મુળ અરજીની નકલ, ફી ભર્યાની પહોંચ, અરજદારની તા.૫–૧૨–૧૧, ૭–૧૨–૧૧, ૯–૧૨–૧૧, તા.૧૨–૧૨–૧૧, તા.૧૯–૧૨–૧૧ની અરજીની નકલ, અધિક્ષક ઈજનેર સુરત સિંચાઈ વર્તુળ સુરત–૧ થી અરજદારને પાઠવેલ પ્રત્યુત્તર અંગે તા.૩–૧૨–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી પાઠવેલ પૂરક પત્રમાં જ પૂર્તતા કરતો પત્ર તા.૧–૩–૧૨ ના રોજ મળેલ છે.

અરજદારની તા.૩૧–૧૨–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અને મ્યુ. કમિ.શ્રીને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૮૭૮ તા.૨–૧–૧૨ થી નિયત સમય અવધિમાં ઓફિસ સુપ્રિ. મધ્યસ્થ કચેરીને તબદીલ કરવામાં આવેલ. જે મધ્યસ્થ કચેરી તરફથી પત્ર નં.સી./૨૪૧૮ તા.૫–૧–૧૨ થી નિયત સમય અવધિમાં જાહેર માહિતી અધિકારી ડે.કમિ.(હેઅનેહો),જાહેર માહિતી અધિકારી અને ડે.કમિ.(પીએન્ડડી), જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ કચેરી તરફથી પત્ર નં.સી/૨૪૧૯ તા.૫–૧–૧૨ થી નિયત સમય અવધિમાં અરજદારને તેમની અરજીઓ જે તે અધિકારીને મોકલ્યા અંગેની વિગતો પૂરી પાડવામાં આવેલ છે. તેમજ તે અંગે અરજદારને દફતરી ઈન્સ્પેકશન કરવા પણ જણાવવામાં આવેલ. જે અંગે ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી તરફથી ટીડીઓ/૫૨૨ તા.૪–૨–૧૨ થી અરજીના અ.ન. ૫માં જણાવેલ ઈન્વર્ડ ડી.૭૧૧૬ તા.૯–૧૨–૧૧ બાબતે પ્રત્યુત્તર પાઠવવાની કાર્યવાહી ચાલુ છે જયારે અનુ. (૬) માં જણાવ્યા મુજબ અરજી ઈન્વર્ડ નં.ડી ૭૧૬૫ તા.૧૨–૧૨–૧૧ ના અનુસંધાને ટીડીઓ/૪૩૮૩ તા.૧૧–૧–૧૨ ના પત્રથી પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે. વધુમાં રજૂઆત બાદ કાર્યવાહી કરવા માટેનો કોઈ સમયગાળો /મુદત નકકી થયેલ નથી. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/આરો./૧૭૭ તા.૨૩–૧–૧૨ થી સાત અરજીઓની ફરીયાદ બાબતે મ્યુ. કમિ.શ્રીની કચેરીમાં કરેલ ઈન્વર્ડ નં.(૧) ૭૦૧૭ તા.૭–૧૨–૧૧ બાબતે જણાવવાનું કે સદર ફરીયાદ ફુડ વિભાગને લાગતી હોય ડે.કમિ.શ્રી (હેઅનેહો) મારફતે ચીફ ફુડ ઈન્સ્પેકટર પ્રતિ પત્ર નં.૭૬૦ તા.૧૯–૧૨–૧૧ મુજબ રવાના કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે ટીડીઓ/૫૨૨ તા.૪–૨–૧૨ ના પ્રત્યુત્તરથી નારાજ થઈ તા.૭–૨–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે મધ્યસ્થ કચેરીના ઈન્વર્ડ નં.૭૦૧ ૮,૭૦૧૯,૭૧૧૬,૭૧૬૫ તા.૭૩૮૨ થી નોંધાયેલ અરજી સંદર્ભે થયેલ કાર્યવાહીની માહિતી મળેલ નથી તેવી રજૂઆત કરેલ છે તેમજ ટીડીઓ/૫૨૨ તા.૪–૨–૧૨ થી આપેલ માહિતી બાબતે ઈન્વર્ડ નં.૭૧૬૫ નકલ પ્રત્યુત્તર પત્ર ૪૩૮૩ થી આપેલ હોવાનું જણાવેલ છે. પરંતુ અરજદાર ધ્વારા અલગ અલગ અરજીઓ પ્રત્યુત્તર પણ અલગ અલગ હોવો જોઈએ તેવી રજૂઆત કરી અને તે મુજબ માહિતી નહીં પૂરી પાડયાની રજૂઆત કરેલ છે. જે અંગે અત્રે એ

પ્રસ્તુત છે કે અરજદારે અલગ અલગ અરજીઓની એક જ આરટીઆઈ અરજી હેઠળ માહિતી માંગેલ છે આથી તેનો એક જ પત્રથી જવાબ કરી શકાય. જે યોગ્ય છે. વધુમાં અરજદારે મુળ અરજીમાં ઈન્વર્ડ નં.૭૦૧૭,૭૦૧૮, ૭૦૧૯, ૭૧૧૫,૭૧૧૬,૭૧૬૫ અને ૭૩૮૨ પૈકી ૭૦૧૮, ૭૦૧૯, ૭૧૧૬,૭૧૬૫ તથા ૭૩૮૨ સંદર્ભે માહિતી નહીં મળ્યાની અપીલ કરેલ છે જે પૈકી ૭૧૧૬ અને ૭૧૬૫ બાબતે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/પરર તા.૪–૨–૧૨ થી પૂરી પાડવામાં આવેલ છે. જયારે અરજી નં.૭૦૧૭ જે ઉધનાઝોન તરફથી આરોગ્ય વિભાગને મોકલવામાં આવેલ. જે અંગે આરોગ્ય વિભાગ તરફથી અરજદારને પત્ર નં.પીએચડી/ફુડ/૧૩૮૦ તા.૨૪–૨–૧૨ થી અરજી સંદર્ભે પ્રત્યુત્તર પાઠવેલ છે. જયારે ૭૩૮૨ બાબતે પીએચડી/ફુડ/૧૩૭૩ તા.૨૩–૨–૧૨ થી પ્રત્યુત્તર પાઠવેલ છે. પરંતુ અરજદારને આરોગ્ય ફુડ તરફથી તેવી માહિતી આરટીઆઈ એકટ હેઠળ પૂરી પડાયેલ નથી જે પૂરી પાડવાની રહે. જયારે ૭૦૧૮ ની અરજી શહેર વિકાસ વિભાગને મધ્યસ્થ કચેરી ધ્વારા મોકલવામાં આવેલ છે જયારે ૭૦૧૯ ની અરજી ઝોનલ ઓફિસર ઉધનાઝોનને મોકલવામાં આવેલ છે. પરંતુ તેઓ તરફથી શું કાર્યવાહી કરી અથવા ન કરી તે અંગેની કોઈ માહિતી પૂરી પાડવામાં આવેલ નથી જે પૂરી પાડવાની રહે. .

અરજદારની પ્રથમ અપીલ તા.૭–૨–૧૨ ધ્યાને લેતાં ૭–૦૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૨–૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૧–૧૨–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી મધ્યસ્થ કચેરીની અરજી નં.ડી.૭૩૮૨,૭૦૧૭, ૭૧૧૫ બાબતે પ્રત્યુત્તર પાઠવેલ છે પરંતુ અરજદારની આરટીઆઈ એકટની અરજી હેઠળ તેવી માહિતી પૂરી પડાયેલ ન હોય તે પૂરી પાડવા અરજી નં.ડી ૭૦૧૯ ની અરજી અંગેની થયેલ નહીં થયેલ કાર્યવાહીની જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી નહીં પૂરી પડાયેલ માહિતી, તેમજ મધ્યસ્થ કચેરીના અરજી નં.ડી ૭૦૧૮ તથા ૭૧૧૬ની અરજીઓ બાબતે થયેલ નહીં થયેલ કાર્યવાહીની નહીં પૂરી પડાયેલ માહિતી બાબતે દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા અનુક્રમે ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી , એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન, ડે.કમિ.(પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ), ને જણાવવામાં આવેલ છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

પ્રતિ,

(૧) ડે.કમિ.(પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ શહેર વિકાસ) ,એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ડે.કમિ. અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ કચેરી), ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (આરોગ્ય)...જાણ તથા અમલ માટે

(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ